

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*એક થી વધારે સીટે લડનારા ભીરૂ હોય છે,*
*ડરે છે યુદ્ધથી એ વ્યક્તિત્વમાં ઝીરો હોય છે,*
*હોય છે ભૂખી નજર, સત્તા-પદ, તિજોરી પર -*
*ફરે છે હીરા બની, અંદરથી સાવ ઢરૂ હોય છે*
*(હરીશ રાવત છ સીટ પર લડશે)*
*(બાય ઈલેકશનનો ખર્ચ એવા લોકો પાસેથી વસૂલો!)*

હાઈકુ

*પાડી છે ટેવ,*
*મેળા ઘેન - ગોળીની -*
*હવે પંપાળો!*
*(જીવના જોખમે જલીકટ્ટુ)*

*સત્તા નો લોભ,*
*સ્વાર્થનો વરસાદ,*
*સિદ્ધાંતો નેવે...*
*(કજોડાં ગઠબંધન)*

### ચિંતન

*યં સંસત્સુ વિવાદિનઃ પરયશઃશૂલન શલ્યકુલા, કુર્વન્તિ સ્વગુણસ્તવન ગુણિનાં યત્નાદ્ ગુણાચ્છાદનમ્ ।*
*તેષાં રોષકષાયિતોદરશાં કોપોષ્ણનિઃ શ્વાસિનાં દીપ્રા રત્નશિખેવ કૃષ્ણફણિના વિદ્યા જનોદ્વેજિના ॥*

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણના આ શ્લોકમાં - કુપંડિતો - અવિદ્વાનોની નિંદા કરવામાં આવી છે. આજના સંદર્ભમાં જયારે આપણી સંસદ અને રાજયસભાના વિદ્વાન-પંડિતો કોઈ જાતનું કામ કરતા નથી કે થવા દેતા નથી એ સંદર્ભે આ શ્લોકનો અર્થ સમજવા જેવો છે :

જેમ સભામાં ખોટો વિવાદ કરનારા છે, જેઓના અંગમાં અન્ય કવિઓના યશરૂપી શલ્ય શૂળની જેમ ભોંકાય છે, પોતાના મિથ્યા ગુણોની સ્તુતિ કરીને ગુણવાન જનોના ગુણઓને પ્રયત્નપૂર્વક ઢાંકી દેવામાં આવે છે, જેમની દૃષ્ટિ રોષથી રાતી છે અને જેઓ ગરમ શ્વાસ પ્રગટ કરીને (ફૂંફાળા મારી) તેના દુષ્ટ પુરુષોની વિદ્યા, કાળા નાગના પ્રકાસમાન રત્નની જયોતિની જેમ લોકોના હૃદયમાં ઉદ્વેગ ઉત્પન્ન કરે છે.

જે લોકો સારાં કાર્યોની પ્રશંસા નથી કરી શકતા તે લોકો બૂમ બરાડા પાડી અન્યોના સદ્ગુણોને ઢાંકી દેવા પ્રયત્ન કરે છે.

### સુવિચાર

- જો તમે તમારા દિવસના ૨૪ કલાકને ૪૮ કલાકમાં બદલવાની ગતિથી કામ કરો તો બીજાની સરખામણીમાં જલ્દી સફળ થશો - **રોબિન શર્મા**
- જીવનમાં લક્ષ્ય કોઈ પણ હોય, એ આયોજન વગર પ્રાપ્ત કરી શકાતું નથી, લક્ષ્ય પ્રાપ્ત કરવાની તૈયારી પણ મહેનત વગર સંભવ નથી - **ચર્ચિલ**
- જયારે તમે 'મારું શું થશે' થી 'હું તમને કેવી રીતે મદદ કરી શકું છું' પર આવો છો ત્યારે તમારી સમસ્યાને જીતી લો છો - **ગુણવંત શાહ**
- જીવન જીવવાના બે રસ્તા છે. એક - 'હું અમુક કાર્ય કરીશ', 'ખુશ થઈ જઈશ.' અને બીજો 'હું ખુશ છું, ભલે ગમે તે થાય' તમે કયું જીવન જીવવા માંગો છો - **જીવનસૂત્ર**
- પોતાની આંખોને 'તારા' પર સ્થિર કરતાં પહેલાં પોતાના પગ જમીન પર સ્થિર રાખો - **રૂઝવેલ્ટ**
- આજનું ઔષધ : જાયફળને પાણીમાં ઘસીને લગાડવાથી ખીલ મટે છે **(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજે નેતાશ્રીઓ - અધિકારીઓ-વેપારીઓ ખાયકી-કૌભાંડ દ્વારા ધન-સમૃદ્ધિ એકઠાં કરે છે. માત્ર રોજિંદી જરૂર માટે નહીં પણ 'સાત પેઢી' સુધી ખૂટે નહીં એટલું ભેગું કરે છે. એવા લોકો દાન-પુણ્ય-ધર્મ કરી 'દંભ' નો દેખાડો કરે છે ખરા પણ એમને ઈશ્વર પર તલભાર પણ વિશ્વાસ નથી - કારણ કે કીડીને કણ આપનારને તારી સાત પેઢીની શું ચિંતા ન હોય...?!

એક ગુરુ - શિષ્ય એક શેઠને ત્યાં જમવા ગયા - ચાંદીની થાળી-વાટકામાં પેટભર દૂધપાક - પૂરી જમ્યા - દક્ષિણા મળી - વધારામાં શેઠે પાનમસાલા જેવી સ્વાદિષ્ટ સોપારી ગુરુ - શિષ્યને એકએક ચમકી આપી. બંને ખાઈ ગયા. શિષ્યને સ્વાદિષ્ટ પાન મસાલો જરા વધારે ભાવ્યો - શેઠ પાસેથી બીજી ચમચી ભરીને માગ્યો અને પોતાની પછેડી - ખેસને છેડે બાંધી નાખ્યો.

રસ્તામાં ગુરુજીએ પૂછ્યું - આ વસ્ત્રમાં શું બાંધ્યું છે? શિષ્ય કહે - પાનમસાલો - ખૂબ સ્વાદિષ્ટ હતો નહીં?! ગુરુજીના ભવાં સંકોચાયા - અવાજ ઊંચો થયો - અને કહ્યું, અરે મૂર્ખ જે ઈશ્વરે તને આજે દૂધપાક પૂરી જમાડ્યા એ શું તારી આવતીકાલના જમણ ને સોપારીની ચિંતા નહીં કરે? આટલો બધો અવિશ્વાસ?!

શિષ્યએ ગાંઠ છોડી - સોપારી ફેંકી દીધી...

# વહેલા બજેટ સંદર્ભે સર્વોચ્ચ અદાલતનો ચુકાદો

**તંત્રીસ્થાનેથી...**

બજેટની તારીખ બદલવા માટે વિપક્ષોએ કરેલી માગણીને સર્વોચ્ચ અદાલતે ફગાવી દઈ કેન્દ્ર સરકારને અને સત્તાધારી ભાજપને અનુકૂળતા કરી આપી છે. સામાન્ય રીતે ફેબ્રુઆરીના અંતમાં રજૂ થતું રહેલું વાર્ષિક બજેટ મોદી સરકાર પહેલી ફેબ્રુઆરીએ રજૂ કરવાનો નિર્ણય કરી ચૂકેલ છે. બરાબર એ જ સમયગાળામાં પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણી પ્રક્રિયા નિર્ધારિત થયેલ હોઈ વિપક્ષો દહેશત અનુભવી રહ્યા છે કે બજેટમાં પ્રજાને લોભામણી જાહેરાતો દ્વારા આકર્ષવાની કોશિશ જરૂર થશે. આ મુદ્દે ચૂંટણી પ્રચાર કરી સત્તાધારી પાર્ટી મતદારોને ભ્રમિત કરી શકે છે. બજેટની નવી જોગવાઈઓમાં આવકવેરાનો સ્લૅબ વધારી મતદારાના એકમોટા સમૂહને રાહત પહોંચાડાય એવી શકયતા છે. વળી બીજી અનેક ચીજવસ્તુઓ અને સેવાઓમાં પ્રજાને રાહત પહોંચાડી જાહેરાતો થઈ શકે છે, જેની સીધી અસર જનમાનસને પ્રભાવિત કરી શકે છે. વિપક્ષોએ સર્વોચ્ચ અદાલતને એક વિશેષ વિનંતી પણ કરી હતી : જે રાજયોમાં વિધાનસભાની ચૂંટણી ચાલી રહી છે તે રાજયો માટેની યોજનાઓ હાલ પૂરતી જાહેરાત બજેટમાં સામેલ ન કરાય. પરંતુ વિપક્ષોની એક પણ રજૂઆત સર્વોચ્ચ અદાલતે સ્વીકારેયલન થી. આથી કેન્દ્ર સરકાર અને શાસક ભારતીય જનતા પાર્ટી માટે બજેટ ચૂંટણી જીતવા માટેનું હાથવગું હથિયાર બની રહેશે એમાં શંકાને સ્થાન નથી. સર્વોચ્ચ અદાલતે એવું નિરીક્ષણ કર્યું છે કે બજેટ મતદારોને અસર કરતું નથી. હકીકત એથી તદન સામે છેડાની જોવા મળી છે. ચૂંટણી વર્ષ દરમિયાન સરકાર લોકપ્રિય બજેટ આપવા પ્રયાસ કરતી હોય છે અને એનાથી સત્તાધારી પક્ષ લાભાન્વિત પણ થતો જ હોય છે. સર્વોચ્ચ અદાલતની જે બેન્ચે વિપક્ષોની માગણીને ફગાવી દીધી છે એમાં વર્તમાન ચીફ જસ્ટીસ જે. એસ. ખેહર પોતે સામેલ છે. બેન્ચે બાંધારણીય જોગવાઈઓ મુજબ રાજયોની ચૂંટણીઓ સતત થતી રહેતી હોવાથી નિરીક્ષણ કરી નોંધ્યું છે કે રાજયોની ચૂંટણીઓના મુદ્દે કેન્દ્રીય બજેટ ટાળી શકાય નહીં. આખરે કેન્દ્ર સરકારે વહીવટ ચલાવવાનો છે એટલે યોગ્ય સમયે નાણાકીય ફાળવણી માટે બજેટ તો રજૂ કરવું જ પડે. ચૂંટણીવાળાં રાજયો માટેની ખાસ જાહેરાતોની અટકળો વિશે પણ અદાલતે વિપક્ષોને નિરાશ કર્યા છે અને ઠપકાર્યા છે કે કેન્દ્રમાં સત્તા ધરાવતી રાજકીય પાર્ટીએ શું રાજયોની ચૂંટણી જ ન લડવી? આમ વિપક્ષોની તમામ દલીલો ફગાવી દઈ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર જયારે પણ બજેટ રજૂ કરવા માંગતુ હોય ત્યારે કરી શકે છે અને એ મુદ્દે અદાલત કોઈ દખલઅંદાજી કરવા માગતી નથી - એવું જણાવી દીધું છે. અગાઉ કેટલીક વાર ચૂંટણીઓને કારણે બજેટની રજૂઆત મુલતવી રખાયેલી તથા તારીખો પાછી ઠેલાઈ હતી તેવી દલીલ પણ થયેલી, જે અદાલતે ધ્યાને લીધી નથી. આથી પહેલી ફેબ્રુઆરીના દિવસે બજેટ રજૂ કરવાની કેન્દ્ર સરકારની મંશા સુપેરે પાર પડશે, જેની સામે વિપક્ષો કદાચ ભારે ઊહાપોહ પણ કરી શકે છે. જો વિપક્ષો આ જ મુદ્દો શેરીઓમાં લઈ જઈ કેન્દ્ર સરકારની ચૂંટણી જીતવા માટેની કરામત તરીકે બજેટનો મુદ્દો ઉછાળશે તો સંભવ છે કે એથી શાસક ભારતીય જનતા પાર્ટીને નુકશાન પણ થાય. જોકે સર્વોચ્ચ અદાલતે વિપક્ષોની માગણી ધરાર ફગાવી દીધી છે એ બાબત કેન્દ્ર સરકાર અને ભાજપ માટે ઢાલ સમાન પુરવાર થશે. હવે તો કેન્દ્ર ચૂંટણીવાળાં રાજયો ઉપરાંત ગુજરાત જેવાં રાજયો કે જયાં ૨૦૧૭ના અંત સુધીમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે, એમણે છુટ્ટા હાથે લહાણી કરશે અને શક્ય એટલો રાજકીય લાભ અંકે કરવા પ્રયાસ કરશે એ ભીંત પરના લખાણ જેટલું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. આગામી સમયમાં સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો પણ ઘણાં વમળો પેદા કરશે, કારણ કે જનસાધારણની અને સામાન્ય મતદારની અપેક્ષાથી એ તદન જ સામા છેડાનો ચુકાદો છે.

# ...સનસનાટી ફેલાવનારા સમાચારની લાલચમાં પોલીસને ન બોલાવી



**નવાં કલેવર**
નટવર હેડાઉ

પત્રકાર અજીત નવા અને સનસનાટી ફેલાવનાર સમાચારોને કારણે શહેરમાં પ્રસિદ્ધ હતો. 'નવભારત' દૈનિકના તંત્રી ભાસ્કર ભટ્ટનો પણ તે ખુબ માનીતો હતો. કેમ કે 'નવભારત'ને તેના નવા નવા સમાચારોને કારણે ખૂબ ખ્યાતિ મળી હતી.

એક દિવસ અજિત પોતાના કામથી ઘેર પાછો ફરી રહ્યો હતો. તે વખતે તેનું ધ્યાન રસ્તાની બાજુમાં ઝાડોના ઝુંડ તરફ ગયું. ત્યાં કાળા રંગની એક મોટી કાર ઊભી હતી. અને બે છોકરાઓ એક છોકરીની છેડતી કરતા હતા. છોકરી પોતાની ઈજ્જત બચાવવા આમ તેમ દોડતી હતી. અજીતને સહેજ આગળ જઈને પોતાની બાઈક ઝાડી આડે છુપાવી દીધી. છોકરી દોડાદોડ કરી ઝાડની વચ્ચે છુપાઈ ગઈ. અજીત એક મોટા ઝાડના થડની પાછળ છુપાઈને ફોટો ખેંચી રહ્યો હતો. તેણે સૌથી પહેલાં ગાડીનો ફોટો એ રીતે ખેંચ્યો જેથી તેમાં તેનો નંબર બરાબર વાંચી શકાય. તે પછી તેણે છોકરાઓના બંનેના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે ફોટા લીધા. પરંતુ છોકરીનો ફોટો પાછળથી તેની પીઠ જોઈ શકાય એ રીતે લીધો જેથી તેની બદનામી ન થાય.

છોકરાઓ તેમના પોષાક અને મોટી કારને લીધે કોઈ પૈસાદાર કુટુંબના લાગી રહ્યા હતા. અજીત પોતાના અખબાર માટે એક સનસનાટી પૂર્ણ સમાચાર મેળવી રહ્યો હતો. તે ઈચ્છે તો પોતાના મોબાઈલ ફોનથી પોલીસને બોલાવી શકે તેમ હતો પરંતુ તેણે એવું ન કર્યું. તે દરમિયાન છોકરી ઝાડીમાંથી નીકળી રસ્તા પર ભાગી અને ખાલી તેમજ સુનકાર રસ્તા પર પુરઝડપે આવી રહેલ ટ્રકની નીચે આવી ગઈ. છેડતી કરનાર છોકરાઓ ગભરાઈને પોતાની ગાડી સ્ટાર્ટ કરી ભાગી નીકળ્યા.

છોકરી આ રીતે અચાનક અકસ્માત થતાં મારી જવાતી અજીતને ખુભ આઘાત લાગ્યો અને આત્મગ્લાની થઈ આવી. તેણે છોકરીની છેડતી થતી હતી ત્યારે જ જો પોલીસને બોલાવી લીધી હોત તો છોકરી અત્યારે જીવતી હોત. તેણે ચૂપચાપ ઝાડીમાંથી પોતાની બાઈક કાઢી અને ઘર તરફ ચાલી નીકળ્યો. આત્મગ્લાનિથી તેની આંખોમાં આંસુ આવી ગયા હતાં. દુઃખી મને અજીત ઘેર પહોંચ્યો. તેનો ઉદાસ ચહેરો જોઈ પત્નીએ પુછ્યું.

'શું વાત છે? આજે કંઈ બેચેન લાગો છો' તેણે પત્નીને એટલું જ કહ્યું 'હું ખુબ થાકી ગયો છું. મારે સુઈ જવું છે. ખાવાનું પણ નથી ખાવું.' એમ કહી તેણે હાથ-મોં ધોઈ નાઈટ ડ્રેસ પહેલી લીધો અને સુવા માટે બેડરૂમમાં ચાલ્યો ગયો.

સવારે ત્રણ-ચાર વાગ્યે તેની પત્ની સારિકાની ઊંઘ ઊડી, તેણે જોયું તો અજીત પલંગમાં ન હતો. તેને ખુબ ચિંતા થવા લાગી. તે આમતેમ અજીતને શોધવા લાગી. શોધતાં શોધતાં બાજુના ઓરડામાં ગઈ અને ત્યાં જઈ જોયું તો ઓરડાના પંખા પર લટકી અજીતે આત્મહત્યા કરી લીધી હતી.

સારિકાએ અજીતને પંખા પર લટકતો જોઈ ચીસ નાંખી. અને પછી રડતાં રડતાં પોલીસને ફોન કર્યો. થોડી જ વારમાં પોલીસ આવી ગઈ. અને સૌથી પહેલાં પંખેથી ઉતારી સારિકાને પ્રશ્ન કર્યો. 'અજીતે આત્મહત્યા કેમ કરી લીધી?' સારિકાએ દીકરાને છાતીએ વળગાડી રડતાં રડતાં કહ્યું, 'મને ખબર નથી.'

પોલીસને તેના ઓરડામાં પડેલ ટેબલ પરથી બે પત્રો મળ્યા. અને કેમેરા મળ્યો. તેણે પોલીસને લખ્યું હતું કે - 'કેમેરામાં - બે છોકરાઓનાં ફોટા છે અને ગાડી નંબર છે. તેમની ધરપકડ કરજો. કેમ કે છેડતી કરતા હતા તેનાથી પરેશાન થયેલ એક છોકરીએ ટ્રકની આગળ પડતું મુકી પોતાનો જીવ દઈ દીધો છે. ટ્રક ડ્રાઈવર નિર્દોષ છે. તે અજાણી છોકરી અને મારા મોત માટે તે બંને છોકરાઓ જ જવાબદાર છે.'

બીજો પત્ર તેણે પોતાના સાથી પત્રકારોને લખ્યો હતો. તેમાં તેણે એવું જણાવેલ કે મેં સનસનાટી ફેલાવનારા સમાચારની લાલચમાં પોલીસને ન બોલાવી મેં ઈચ્છ્યું હોય તો તુરંત પોલીસને બોલાવી તે છોકરીનો જીવ બચાવી શકું તેમ હતો. પરંતુ એમ કરવાને બદલે હું ફોટા પાડતો રહ્યો.

તમને સૌને મારે એટલું જ કહેવાનું છે કે આપણે પત્રકાર પછી પહેલાં માણસ છીએ. તેથી જો કયારેકય કોઈને વિકટ પરિસ્થિતિમાં જૂઓ તો પહેલાં તેને મદદ કરજો. નામ કમાવાની લ્હાયમાં ફોટા પાડ્યે રાખતા નહીં. નહીંતર મારી જેમ આત્મગ્લાનિ થતાં આત્મહત્યા કરી બેસશો.

# સંબંધમાં લાગણી અને મૌનની ભાષા



**ગુલમહોર**
દિનેશ દેસાઈ

ફ્રાન્સના મહાન દાર્શનિક, વિચારક, નાટ્યકાર-લેખક વોલ્તેયર (૧૬૯૪-૧૭૭૮)એ લખ્યું છે કે ''શબ્દનો ઉપયોગ આપણે આપણા વિચારોને છુપાવવા માટે કરતા હોઈએ છીએ. ખરેખર તો શબ્દોથી આપણે આપણા વિચારોને વ્યક્ત કરવાના હોય છે. એ જ રીતે આંસુ આપણી લાગણીઓને વ્યક્ત કરતા હોય છે. આંસુ આપણા મનની પરિસ્થિતિની શાંત પરિભાષા છે.'' ૮૩ વર્ષની આયુમાં તેમણે ઘણી બધી અમર કૃતિઓ આપી છે. તેમના સાહિત્યમાંથી ઘણાં બધાં વિધાનો અમરવાક્ય તરીકે જાણીતાં બન્યાં છે.

સંબંધોની આરપાર જોવામાં આવે તો લાગણી વ્યક્ત કરવા માટે એકલા શબ્દો જ જરુરી નથી. શબ્દો વિના પણ ઘણું બધું કહી શકાતું હોય છે. મૌનની ભાષા ઘણી બધી અવ્યક્ત વાતને વ્યક્ત કરી દેતી હોય છે. બોલાયેલા શબ્દનું મહત્વ અનેકગણું છે. કેમ કે નહીં બોલાયેલા શબ્દોનો માણસ માલિક હોઈ શકે પરંતુ બોલાયેલા શબ્દોનો માણસ ગુલામ બની જતો હોય છે. પોતાના શબ્દો અન્ય વ્યક્તિ માટે કાંટાની શૂળ સમાન પણ બની રહે છે અથવા પોતાના શબ્દો ગુલાબ જેવી મુલાયમી પણ બતાવી શકે છે. બધો આધાર આ વ્યક્ત માધ્યમ ઉપર રહેલો હોય છે.

વોલ્તેયર કહે છે કે પ્રેમ તો એક કેનવાસ જેવો છે. એમાં આપણે આપણી કલ્પનાના રંગો ભરીએ છીએ. આપણી કલાસમજ પ્રમાણે જેમ ચિત્ર દોરીએ, એ જ રીતે આપણી પ્રેમસમજ પ્રમાણે આપણે આપણા પ્રેમનું કેનવાસ સજાવતા હોઈએ છીએ. પ્રેમનું આકાશ અનંત છે અને પ્રેમની ભવ્ય છબી યા ચિત્ર માટે તો આકાશ જેવડું કે ધરતી જેવડું કેનવાસ પણ કદાચ નાનું પડે.

પ્રેમમાં એક વ્યક્તિ પોતાની સાથી વ્યક્તિના બોલાયેલા શબ્દ સિવાય પણ તેની હાર્ટ બીટ સમજી શકે, તેની લાગણી ઝિલી શકે અને પછી પડઘો પણ પાડી શકે. નિઃશબ્દ લાગણીનો આ જાદુ છે. લાગણીને વ્યક્ત કરવા માટે કદાચ આંખોના હાવભાવ અને આત્મીયતા ઉપરાંત હૃદયના ધબકાર પણ કામ લાગી શકે છે. છતા લાગણીને વ્યક્ત કરતા શબ્દ પણ અમૂલ્ય છે તો નહીં બોલાયેલા શબ્દોમાં સમાયેલી લાગણીની ભવ્યતા પણ સુંદર જ હોય છે.

*સંબંધમાં હકારાત્મક દૃષ્ટિકોણ પણ અગત્યનું પરિબળ છે, જયારે આપણે કોઈના વખાણ કરીએ, પ્રશંસા કરીએ છીએ ત્યારે સામી વ્યક્તિની સારપ પણ આપોઆપ આપણામાં આવી જતી હોય છે*

આપણે જયારે કોઈ વ્યક્તિ વિશે ધારણા બાંધી લઈએ છીએ, એ પહેલા એ વ્યક્તિને મળવું જોઈએ અને તેની સાથે સંવાદ પણ સાધવો જોઈએ. વ્યક્તિને સાંભળવો જોઈએ. વાતચીતનો આધાર એ છે કે આપણે સવાલો સાંભળવા ટેવાયેલા નથી હોતા. ખરેખર તો સવાલ સમજવાની આવડત જરુરી છે. સવાલ સમજી શકાય તો જવાબ તો જડી જ રહેશે. પરંતુ સવાલ સાંભળ્યા વિના જવાબ આપવાનો કે સંવાદ સાધવાથી કોઈ અર્થ રહેશે નહીં. કેટલીક વ્યક્તિ હાજરજવાબી પણ હોઈ શકે. પરંતુ હાજરજવાબપણાથી કશું સિદ્ધ થઈ શકતું નથી.

સંબંધમાં હકારાત્મક દૃષ્ટિકોણ પણ અગત્યનું પરિબળ છે. જયારે આપણે કોઈના વખાણ કરીએ, પ્રશંસા કરીએ છીએ ત્યારે સામી વ્યક્તિની સારપ પણ આપોઆપ આપણામાં આવી જતી હોય છે. આ છે હકારાત્મક દૃષ્ટિકોણ. આપણે દર વખતે કોઈ પ્રત્યે આભારનો ભાવ પ્રગટ કરી શકતા નથી. પરંતુ આપણે આભાર વ્યક્ત કરનારી ભાષામાં, આભારના ભાવવાહી શબ્દોમાં વાત તો કરી જ શકીએ છીએ.

સંબંધ પતિ-પત્નીનો હોય કે મા-બાપ, ભાઈ-ભાઈ કે ભાઈ-બહેન અથવા બે મિત્રોનો હોય હંમેશા આવું સાંભળવા મળતું જ હોય છે કે ''તમે મને સમજી શક્યા નથી.'' અથવા ''તમે મને સમજતા જ નથી.'' સંબંધમાં સમજણનો સેતુ અસરકારક મહત્વ ધરાવે છે. એકમેકને સમજવું એ જ સંબંધનું સાર્થક્ય છે.


જ્યારે એકમેક વચ્ચે સમજદારી ખાઈ બની જાય છે ત્યારે ગેરસમજ આકાર લે છે અને કોઈ પણ સંબંધનું અકાળે અવસાન હંમેશા ગેરસમજના કારણે જ થતું હોય છે. દરેક વ્યક્તિ એમ જ માને કે પોતે સાચો છે અને સામી વ્યક્તિએ પોતાની વાત માનવી જોઈએ. હકીકતમાં સિક્કાની બેઉ તરફની બાજુઓ સાચી જ હોય છે. દૃષ્ટિકોણનો ફરક હોય છે. જો એક વ્યક્તિ સામી વ્યક્તિ તરફ ચાલીને જાય અને તેના તરફના સિક્કાની બાજુનું અવલોકન કરે તો તેની બાજુ અથવા તેનો પક્ષ પણ પોતાના પક્ષની જેમ સાચો જ હોવાનો. આપણે આપણી જાતને બીજાના સ્થાને મૂકીને પણ જોવી જોઈએ, એનું નામ સમજણ.

**સ્ટોપર :**

''બોલાયેલા શબ્દો અને નહીં બોલાયેલા શબ્દો પણ સમજી શકે એનું નામ લાગણીનો સંબંધ.''

**– નતાલિયા હેડન**

# સ્વભાવનું સર્ટિફિકેટ...!! અમુક સાવ ભૂત જેવાં, તો કેટલાંક અદ્‌ભૂત થઈને ફરતાં હોય છે...!!



**Hello ફ્રેન્ડસ**
સંજય થોરાત

માણસનો સ્વભાવ એ મોટી મિલકત છે. વ્યક્તિ કેવી છે એનું જાહેરનામું એટલે સ્વભાવ! મોટાભાગના માણસો પોતાના સ્વભાવને કારણે જ સુખી કે દુઃખી થતા હોય છે. જેનો સ્વભાવ તેવો વ્યવહાર, અને જેનો સ્વભાવ તેવો દાવ કે ઘાવ. જો વ્યક્તિનો મિજાજ કે સ્વભાવ સારો તો બધું સારું અને જો વ્યક્તિનો સ્વભાવ ખરાબ તો બધું ખારું... વ્યક્તિ ગમે તેટલી સફળ હોય, મોભાદાર કે હોદ્દેદાર હોય પણ જો સ્વભાવ સડેલા ઈંડા જેવો હોય તો ન તો તે સુખી થાય છે કે ના તેના થકી કોઈ સુખી થાય છે.



તમે બંગલામાં રહો છો કે ઝુંપડીમાં, તમારી પાસે કાર છે કે સાયકલ, તમારી પાસે બ્રાન્ડેડ કપડાં છે કે સાદા, તમે અધિકારી છો કે નેતા, આ બધાં કરતાં મહત્ત્વનું એટલે તમારો સ્વભાવ. ગમે તેવી પરિસ્થિતિમાં સતત હસતાં રહેવું, કોઈ રાવ-ફરિયાદ ન કરતાં, નકારાત્મકતા ટાળીને સકારાત્મકતાનું વાવેતર કરનાર વ્યક્તિ પોતે પણ ખુશ ખુશાલ રહે છે અને એના સંપર્કમાં આવનાર દરેકને આનંદી કરે છે અને એટલે જ એવાં સારાં સ્વભાવના માણસોની કંપની હંમેશા ગમતી હોય છે.

હમણાં અમારાં એક મિત્ર મળ્યાં, એમને હળવો એટેક આવેલો અને એક વેઈન બ્લૉક આવતાં ઑપરેટ કરી સ્ટેન્ડ મુકાવેલું,ભાઈ જરા ચિંતામાં હતા. એટલે એમને ઍટેકને કારણે બે-ચાર દેવલોક પામેલા વ્યક્તિના ઉદાહરણ આપી એટલું જ કહ્યું કે, 'હવે, બોનસ લાઈફ મળી છે જલસા કરો!' બસ આ એક વાક્યએ એમના ચહેરા પર ખુશી છવાઈ ગઈ...

હોસ્પિટલનો માહોલ કાયમ ઉદાસ અને ટેન્શનગ્રસ્ત હોય છે. અમારા એક મિત્ર એડમીટ થયેલાં, એ જ છાતીમાં દુઃખાવો. એમને જાતજાતની ને ભાતભાતની નળીઓ લગાવીને સુવડાવેલા. ત્યાં એક નર્સ આવી અને સ્મિત આપતાં બોલી, 'વાહ, વટ પડે છે. એકાદ ફોટો લઈને ફૅસબુક પર મુકો.' અને પેશન્ટ સાથે સૌ હસી પડ્યાં. વાત આગળ વધારતાં એ પેશન્ટની પત્ની એમને સફરજન ખવડાવતી હતી એટલે ઈન્જેકશન આપતાં એ બોલી, 'તમને દરેક દિવસ રાખી લઈએ, પત્ની પ્રેમથી સેવા કયારે કરશે?' ફરી એકવાર હાસ્યનું મોજું ફરી વળ્યું.

સિવિલ હોસ્પિટલ જેવા વાતાવરણમાં ઢગલાબંધ પેશન્ટ અને એથી બમણાં સગાંવહાલાં વચ્ચે આવી એકાદી મોજીલા સ્વભાવવાળી નર્સની વાત કેટલી એનર્જી ભરી જાય છે? બાકી છણકાં કરતી, ડૉકટર નથી લાઈનમાં બેસો, રિપોર્ટ કરાવ્યાં? પડ્યા રહો છાનામાના, હમણાં દવા આપી છે, અમે કંઈ જાદૂગર છીએ તે તાવ તરત ઉતરે? જેવી બીપી વધારતી નર્સ પણ આડે દોડે મળતી જ હોય છે.

*ચહેરો નહીં, સ્વભાવ જોઈને આવે છે,*
*સત્તા પણ નહીં, સ્વભાવ જોઈને આવે છે.*
*નોકર-ચાકર, ગાડ-બંગલા તને મુબારક,*
*મહેલો નહીં, સ્વભાવ જોઈને આવે છે!*

એક સોસાયટીના બહેનનો સ્વભાવ એટલે અહીં ની ત્યાં કરવાનો. એકતા કપૂરની સિરિયલ જોઈને શંકાસ્પદ થયેલો. એ હરતાં - ફરતાં દિવાસળી ચાંપવાનું કામ કરે. કામવાળી, કચરાવાળી, ફેરિયા, દૂધવાળા, મહેમાનો, છોકરા અને નવરી બહેનો બધાંને રવાડે ચડાવે અને પોતે એમાંથી નીકળતાં ધૂમાડાં જોઈને રાજી થાય. પછી તો એનો આ સ્વભાવ સૌને ખબર પડી ગઈ, અને ધીમે ધીમે એનાથી ચેતીને દૂર થઈ ગયાં. એણે એનો સ્વભાવ ન સુધાર્યો પણ સોસાયટી બદલી નાંખી!

એક ૭૮ વર્ષના દાદી, પણ સતત આનંદી. એમને ઘણા પ્રકારની બિમારી છે. એક પગ ઘરમાં અને બીજો સ્મશાનમાં. એમને કોઈ તકરાર નથી. કાયમ પુસ્તક વાંચતા રહે છે. એમની સાથે વાતો કરો તો એમને વાંચેલા પુસ્તકની સારી વાતો કહેશે. સારી ફિલ્મો વિશે કહેશે. એમની યુવાનોની વાતો કરશે. ઘરે આવેલા મહેમાનની ખબરઅંતર પૂછીને પ્રેમથી અદડીયો લાડુ આપશે. અને છતાંય વચ્ચે વચ્ચે નહીં કરે.

દાદીએ જોયું કે બધા વોટ્સએપ કરે છે, અને પરિવારને પણ ગમે છે તો કકળાટ કરવાની જગ્યાએ જાતે સ્માર્ટફોન લઈ શીખી લીધું, હવે એ પણ ઑનલાઈન મળે છે. દાદી પાસે કોઈ નેગેટીવ વાત કરીએ તો એ એમાંથી પોઝીટીવ સાઈડ બતાવશે. આપણે કહીએ કેટલી કડકડતી ઠંડી છે. તો તરત કહેશે પણ આ સિઝનમાં જ રંગબીરંગી ફૂલો ખીલી ઉઠે. વધારે કસરત થાય. અદડિયા અને તલસાંકડી ખાવા મળે. સસ્તા શાકભાજી અને જામફળ - બોર જેવાં ફળો મળે. અને એમના આ સ્વભાવને લીધે દાદીને મળનારા લોકો વધુ રહે છે. દાદીને મળીએ એટલે મજા પડે.

આપણે સરકારી કચેરીમાં જઈએ એટલે પટાવાળો મળે, 'સાહેબ નથી, શું કામ હતું?' બસ આટલું તોછડાઈથી બોલે એટલામાં આવનારો ત્રાસી જાય. અધિકારી પણ એની અકડાઈ બતાવે, 'બેસો શાંતિથી, અમારે શું એક જ કામ છે?' કેટલાંક અધિકારી પાછા બહુ સરસ પણ હોય એ સામેથી આવનારાને મદદ કરવા તત્પર થાય. અને એમના એ સ્વભાવને લીધે આવનાર માણસનું કામ ન પણ થાય તોય એ નારાજ થતો નથી!

એક ડૉકટર સાપનું ઝેર ઉતારવામાં માસ્ટર. ગામમાં કોઈને સાડ ડંશ દે એટલે ત્યાં જ જવાનું. પછી તો એ ગામની આજુબાજુના ગામ, તાલુકા, જિલ્લામાં એમનું નામ થઈ ગયું. એમને જયારે પૂછવામાં આવ્યું કે, 'સાહેબ, શું જાદુ છે?' એમને બહુ સરસ જવાબ આપ્યો, 'એમની મારા પ્રત્યેની શ્રદ્ધા. હું એમને એ જ દવા આપું છું. જે અન્ય ડૉકટર આપે છે. પણ પ્રેમથી આવકારું - હાથ ફેરવું - વિશ્વાસ આપું, એટલે એમને મટી જ જાય છે.' આવો સ્વભાવ હોય તો પછી કોઈ સાપના ઝેરની અસર થાય?

મોટા ભાગે સૌને ગુલાબી - મિજાજી - રંગીન - ગમતીલા - હસમુખા - સ્વભાવના લોકો પસંદ પડતા હોય છે. કકળાટીયા અને ચીડિયા લોકોથી લોકો છેટાં જ રહે છે. વાત વાતમાં વાંકુ પડે એવા તો ઘરે ઘરે મળી રહે છે. દંભી-તૂંડમિજાજી લોકો મોટાભાગે નેતા, અધિકારીના લેબલ ધરાવતાં હોય છે. લપોડદાસ-લખી-ગુંદરીયા જેવા લોકોથી બધાંને છુટવું હોય છે પણ એ તો ફૅવિકોનનો ડબ્બો સાથે રાખતા હોય એમ ચોંટી જ પડે છે. અમુક ડબલ ચહેરાવાળા, કયારેક ગંભીર તો કયારેક રંગીન, એમને સમજવા કાઠા એવાં હોય છે.

અમુકનો સ્વભાવ સેવાભાવી તો અમુક અલગારી અને નીજાનંદી. અમુક અતડા તો અમુક દિવેલીયા, કોઈક ચિંતાગ્રસ્ત તો કોઈક નફફટ. એમને સ્વાર્થ હોય તો લોહચુંબકની ચોંટતા અને કામ પતે અળગા થઈ જતાં સ્વભાવના હોય છે. અમુક બધું હોવા છતાં દુઃખી તો અમુક કંઈ ન હોવા છતાં સુખી સ્વભાવના જોવા મળે છે. અમુકનો સ્વભાવ સાવ ભૂત જેવો તો અમુક અદ્‌ભુત જોવા હોય છે. અમુક આનંદી કાગડા જેવા તો અમુક ઉછળતાં ઝરણાં જેવાં, અમુકનો સ્વભાવ કાયમ નખરાં કરવાનો... સ્વભાવને ઓળખવો અઘરો, પણ આપણને ખુશ રાખે એવા સ્વભાવવાળાની દોસ્તી પાક્કી!

**ચૂંટલો :** સ્વભાવની ભિન્નતાને લીધે જ, કોઈ વાતે વાતે લડે છે, કોઈ જિંદગીભર છાનું છાનું રડે છે. કોઈ બીજાને દુઃખી કરી સુખ અનુભવે છે, કોઈ જાતે દુઃખી થઈ બીજાને સુખી કરે છે. કોઈ રાવણનો ઉત્તરાધિકારી લાગે છે, તો કોઈ રામનો અવતાર લાગે છે. આપણે બધું જ બદલી શકીએ છીએ, સ્વભાવ નહીં!